ક્રમાંક:રાજા/રાપી/એલબી/૪/પૂ.૯૯
પોલીસ કમીશ્નરની કચેરી,
રાજકોટ શહેર, રાજકોટ.
તા. ૨૪-૪-૧૯૯૬.

## -: જા હે ર ના મું :-

રાજકોટ શહેરમાં ભૂતખાના ચોકમાં ટ્રાફીકની અવર જવર ખૂબ જ વધી જવાને કારણે અને પ્રવર્તમાન સંજોગોમાં ભૂતખાના ચોકથી લોધાવાડ ચોક તરફ જવાનો રસ્તો વધુ પ્રમાણમાં ટ્રાફીકને કારણે સાંકડો પડે છે. ભૂતખાના ચોક તથા લોધાવાડ ચોકમાં સ્વયંસંચાલિત ટ્રાફીક સીગ્નલો આવેલ છે. જ્યારે લોધાવાડ ચોક તરફથી આવતા ટ્રાફીકની સાઇડ બંધ હોય છે ત્યારે વાહનોની લાંબી કતાર થાય છે. આથી ભૂતખાના ચોક તરફથી આવતા ટ્રાફીક પૈકી રજપુતપરા મેઇન રોડવાળા સરળતાથી જઇ શકતા નથી અને સાઇડ ખુલ્લી થાય તો જઇ શકે જેના પરિણામે વાહનો વચ્ચે ઉભા રાખે છે. જે અડચણરૂપ થાય છે. તથા ક્યારેક રોડ બ્લોક થઇ જાય છે. જેથી આ મુશ્કેલીઓ નિવારવા ભૂતખાના ચોકથી લોધાવાડ ચોક તરફ જતા રસ્તા પરથી "રમેશ મશીનરી સ્ટોર્સ" અને ઉત્કૃષ્ટ દુકાનો વચ્ચેથી પસાર થતા રજપુતપરા મેઇન રોડ પર જવા માંગતા ટ્રાફીકને જમણી બાજુ વળવા "મનાઇ" એટલે કે "પ્રવેશ બંધ" કરવા માટે હિતાવહ જણાતા એ આ કચેરીના પત્ર ક્રમાંક:રાજા/રાપી/એલબી/૪/૩૫૬/૯૬, તા.૨-૩-૯૬ થી જાહેર જનતાને જાહેર નોટીશ પાઠવવામાં આવેલ. નિયત સમય મર્યાદામાં કોઇ વાંધા સૂચનો આવેલ નથી. જેથી કાળજી પુર્વક વિચારણા કરી નીચે મુજબનો આખરી હુકમ કરૂ છું.

સબબ હું ચિત્રરંજન સિંઘ, પોલીસ કમીશ્નર, રાજકોટ શહેર, રાજકોટ મને મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩/૧/બી/ થી મળેલ અધિકારની રૂએ નીચે જણાવ્યા મુજબ "જમણી બાજુ વાળવાની મનાઇ" ફરમાવું છું.

"ભૂતખાના ચોકથી લોધાવાડ ચોક તરફ જતા રસ્તા પરથી "રમેશ - મશીનરી સ્ટોર્સ અને "ઉત્કૃષ્ટ પેઇન્ટ દુકાનો વચ્ચેથી પસાર થતા રજપુતપરા મેઇન રોડ પર જવા માંગતા ટ્રાફીકને આ જગ્યાએથી જમણી બાજુ વળવા માટે મનાઇ એટલે કે પ્રવેશ બંધ !"

નં. ૭૫૦
૨૫/૪/૯૬
સ ઇન્સ. કચેરી,
ખા-રાજકોટ

વિકલ્પે આ ટ્રાફીક રજપુતપરા મેઇન રોડ પર જવા માટે લોધાવાડ પોલીસ ચોકી સામે નોબલ હાઉસ દુકાન પાસેથી રજપુતપરા શેરી નં.૮ માં થઇ રજપુતપરા શેરી નં.૬ માં થઇ રજપુતપરા મેઇન રોડ પર જઇ શકશે. રજપુતપરા શેરી

નંબર-૮ બંને તરફથી અવરજવર માટે ખુલ્લી રહેશે તેમજ રજપુતપરા મેઇન રોડ પરથી ભુતખાના ચોક તરફથ ટ્રાફીક આવી શકશે.

આ હુકમના ભંગ બદલ મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ પગલા લેવામાં આવશે.

આ જાહેરનામાનો અમલ તારીખ ૫ -૫-૧૯૯૬થી કરવા આથી ફરમાવવામાં આવે છે.

આજરોજ તારીખ૨૯-૦૪-૧૯૯૬ના રોજ મારી સહી તથા સીક્કા નીચે જાહેર જનતાની જાણ માટે બહાર પાડેલ છે.

( ચિતરંજન સિંઘ )
પોલીસ કમીશ્નર,
રાજકોટ શહેર.

નકલ જયભારત સાથ રવાના :-

૧: ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્શ જજ.શ્રી, રાજકોટ.
૨: જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટ.
૩: કમીશ્નરશ્રી, રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન, રાજકોટ.
૪: વિભાગીય નિયામકશ્રી, એસ.ટી. રાજકોટ.
૫: સંયુકત માહીતી નિયામકશ્રી, રાજકોટ શહેર. ( સાત નકલ સાથે )
સ્થાનીક વર્તમાનપત્રમાં સમાચાર તરીકે પ્રગટ કરાવવાની કાર્યવાહી કરવા માટે.
૬: મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ.
આ જાહેરનામાની પ્રસિધ્ધી કરી અને ગેઝેટની નકલો અમારી કચેરીની લાયસન્સ શાખામાં તાકીદે મોકલવા સારૂ.
૭: નાયબ પોલીસ કમીશ્નરશ્રી, રાજકોટ શહેર.
૮: સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટ શહેર.
૯: એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટ.
૧૦: મદદનીશ પોલીસ કમીશ્નરશ્રી, પૂર્વ વિભાગ, ( પશ્ચિમ વિભાગ, રાજકોટ શહેર.
૧૧: તમામ પોલીસ ઇન્સ.શ્રી, રાજકોટ શહેર. ( પાંચ નકલો સાથે ) બહોળી પ્રસિધ્ધી માટે.

નં:

જીલ્લા મેજીસ્ટ્રેટની કચેરી
મધ્ય સૌરાષ્ટ્ર જીલ્લા,
રાજકોટ તા.૩૦-૧૦-૫૬

વીષય:-અમુક વહાનો માટે રસ્તા બંધ કરવા અંગે

સૌ.પી.ગે.નોટી. ૪૩૨ અને ૧૯૫૪ ના સૌરાષ્ટ્ર પોલીસ એક્ટ ૧૯-૫૪ ના અધીનીયમની કલમ ૨૭:૧:બી: અન્વયે જીલ્લા માજીસ્ટ્રેટને મળેલ અધીકારની રૂએ ટ્રાફીક નીયમન અંગે જાહેરનામું બહાર પાડવાનું ધાર્યું છે તે જાહેરનામાનો મુસદો કે જેનાથી કોઈ અસર થવા સંભવ હોઈ તેવા સઘળા સખ્શોની જાણ માટે પ્રસીધ્ધ કરવામાં આવ્યું છે અને આથી સુચના કરવામાં આવે છે કે ઉપરોક્ત જાહેરનામાના મુસદા પર સને ૧૯૫૬ના નવેમ્બર મહીનાની ૩૦ તારીખે અગર તે પછી મધ્ય સૌરાષ્ટ્રના ધી જીલ્લા મેજીસ્ટ્રેટ સદરહુ જાહેરનામા મુસદો આખરી પ્રસીધ્ધ કરવા વીચારણા કરશે.

ઉપરોક્ત જાહેરનામાના મુસદાના સંબંધમાં કોઈ પણ સખ્સ તરફથી ઉપરોક્ત તારીખે અથવા તે પહેલાં ધી જીલ્લા માજીસ્ટ્રેટ સાહેબ મધ્ય સૌરાષ્ટ્ર રાજકોટને વાંધાઓ અથવા સુચનો મળશે તેના પર ધી જીલ્લા માજીસ્ટ્રેટ સાહેબ મધ્ય સૌરાષ્ટ્ર વીચારણા ચલાવશે. મુદત વીત્યે સુચનો કે વાંધાઓ આવશે તે ધ્યાનમાં લેવામાં આવશે નહી.

જાહેરનામું : મુસદો:

રાજકોટ શહેરમાં અને રાજકોટ શહેર સુધરાઈના વીસ્તારમાં વાહન વ્યવહારથી થતો અકસ્માત દુર કરવા તથા જાહેર પ્રજાની જાન માલની સલામતી માટે તેમજ અમુક શહેરીઓ તથા જાહેર રસ્તાઓના ઉપયોગ અંગે ટ્રાફીક નીયમન કરવાનું જરૂરી જણાતાં નીચે મુજબનો હુકમ કરવાનું અમોને ઈસ્ટ જણાય છે.

જેથી હું વ. ર. મહેતા, આઈ.એ.એસ. જીલ્લા મેજીસ્ટ્રેટ મધ્ય સૌરાષ્ટ્ર જીલ્લા રાજકોટ અમોને સૌરાષ્ટ્ર પોલીસ એક્ટ ૧૯-૫૪ ની કલમ ૨૭:૧:બી: અન્વયે મળેલ સત્તાની રૂએ રાજકોટ શહેરના અને રાજકોટ શહેર સુધરાઈની હદમાં આવેલ નીચે જણાવ્યા મુજબના રસ્તાઓ મોટર સાયકલો, રેકડીઓ, રેકડા અને સાયકલ સીવાયના તમામ ઓટોમોબાઈલ્સ વહાનો તથા ટાંગા અને બળદગાડીઓ માટે બંધ કરવામાં આવે છે.

:અ: પ્રહલાદ ટોકીઝના ખુણાથી કેદોઈ બજાર તરફ જતો પ્રમીલા રોડ નામે ઓળખાતો રસ્તો કેદોઈ બજારના નાકા સુધીનો xxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxx xxxxxxxxxxx.

:બ: ખડપીઠ ચોકથી પ્રહલાદ ટોકીઝ થઈને નવા નાકા સુધીનો રસ્તો.

:ક: મોચી બજાર ચોકથી દાણા પીઠ થઈને રૈયા નાકા ગેઈટ સુધીનો રસ્તો.

:ડ: કેદોઈ બજારમાં પ્રવેશ કરવાના શરૂ થતાં રસ્તાથી ધી કીટા રોડ પુરો થાય ત્યાં સુધીનો રસ્તો.

..........૨

આ જાહેરનામાની નકલો જાહેર જગ્યાએ ચોડવા તથા સ્થાનીક દૈનીક પત્રોમાં છપાવી પ્રસીધ્ધી આપવા હું હુકમ કરૂ છું.

આ હુકમનો ભંગ કરનાર સામે સૌરાષ્ટ્ર પોલીસ એક્ટની કલમ ૧૨૧ માં બતાવ્યા મુજબ કામ ચલાવવામાં આવશે અને તેમાં બતાવ્યા મુજબ શીક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૩૦ માહે ઓક્ટોબર ૧૯૫૮ ના રોજ અમારી સહી તથા કચેરીના સીક્કા કરવામાં આવ્યા.

G.R. [signature]
જીલ્લા મેજીસ્ટ્રેટ
મધ્ય સૌરાષ્ટ્ર રાજકોટ

માંકડ"–૨૫.

નકલ જય ભારત સાથે:–

શ્રી જીલ્લા પબ્લીક સીટી ઓફીસર સા. રાજકોટ

સ્થાનીક દૈનીક પત્રોમાં પ્રસીધ્ધી માટે વધારાની વણ નકલો સાથે.

શ્રી પ્રમુખ સાહેબ રાજકોટ સુધરાઇ રાજકોટ બહોળી પ્રસીધ્ધી માટે.

શ્રી જીલ્લા પોલીસ સુપ્રી સા. રાજકોટ બહોળી પ્રસીધ્ધી માટે વધારાની ચાર નકલો સાથે.

શ્રી ગેઝેટ સુપ્રી. સા. રાજકોટ ગેઝેટમાં પ્રસીધ્ધ કરવા તથા ૨૫ નકલો મોકલવા માટે.

રાજકોટ પો. સ્ટે. ૬-૧૧-૫૮

પોલીસ સબ–ઇન્સ્પેકટર
રાજકોટ સીટી. "એ" ડીવી.
ઇનવર્ડ નંબર ૬/૧૧
તારીખ ૬/૧૧/૫૮

[illegible]

ક્રમાંક:-સીબી/૪/જાહેરનામું/૨૧૧

પોલીસ કમિશ્નરની કચેરી
રાજકોટ શહેર, રાજકોટ
તારીખ:- ૨-૨-'૮૮.

# -: જા હે ર ના મું :-

રાજકોટ શહેરમાં વધતા જતાં વાહન વ્યવહારને અનુલક્ષીને વાહન વ્યવહારની સરળતા તેમજ જાહેર સલામતી ખાતર રાજકોટ શહેરમાં આવેલ સર લાખાજીરાજ રોડ તરીકે ઓળખાતા જાહેર માર્ગને એક માર્ગી કરવાનું હિતાવહ જણાતા સદરહુ બાબતમાં વાંધાઓ અને સૂચના આ કચેરીના નોટી[illegible] પત્ર નં.સીબી/૪/૧૨૬૩/૮૭/તારીખ:-૧૨-૧૧-૮૭ થી રજુ કરવા જણાવવામાં આવેલ છે અન્વયે મળેલ વાંધાઓ અને સૂચના પર વિચારણા કરીને નીચે મુજબ નિર્ણય કરવામાં આવે છે.

સબબ હું આર. એન. ભટ્ટાચાર્ય, પોલીસ કમીશ્નર, રાજકોટ શહેર, રાજકોટ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૩-૧ (બી) થી મળેલ અધિકારની રૂએ રાજકોટ શહેરના સરલાખાજી રાજ રોડને સવારના કલાક ૦૯૦૦ થી બપોરના કલાક ૧-૦૦ વાગ્યા સુધી તથા સાંજના કલાક ૦૪૦૦ થી રાત્રીના કલાક ૯/૦૦ વાગ્યા સુધી એકમાર્ગી જાહેર કરું છું અને તેના પરની અવર જવર નીચેની વિગતે કરવાનું આથી ફરમાવું છું

૧/- ઢેબર ચોકથી ખડપીઠ તરફ દરેક વાહનો જઈ શકશે.

૨/- સરલાખાજીરાજ રોડને મળતી શેરીઓ.
(૧) રઘવીરપરા શેરી નં. ૧૧ (૨) રઘવીરપરા શેરી નં. ૧૨.
(૩) રઘવીરપરા શેરી નં. ૧૩ (૪) ધર્મેન્દ્ર રોડ
(૫) ધી કાંટા રોડ ઉપરથી આવતા દરેક વાહનો ડાબી સાઈડ ટર્ન મારી ઢેબર ચોકતરફ આવી શકશે નહીં તેમજ રાજશ્રીસીનેમા વાળી શેરીમાંથી આવતા વાહનો જમણી બાજુ ટર્ન લઈ ખડપીઠ તરફ જઈ શકશે પરંતુ ડાબી બાજુ ટર્ન લઈ ઢેબર ચોકતરફ આવી શકશે નહીં.

૩/- પ્રહલાદ સીનેમા તરફથી આવતા દરેક વાહનો ખડપીઠ પાસેથી દીવાનપરા રોડ ઉપર થઈ ધર્મેન્દ્ર રોડ ઉપર આવી શકશે.

આ જાહેરનામાનો ભંગ કરનારની સામે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ [illegible] બતાવ્યા મુજબ કામ ચલાવવામાં આવશે અને તેમાં જણાવ્યા પ્રમાણે શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો અમલ તા. ૯-૨-૧૯૮૮ થી કરવા આથી ફરાવવામાં આવે છે.

આજ રોજ તારીખ:-૨-૨-૧૯૮૮ ના અમારી સહી તથા કચેરીના સીક્કા કરી બહાર પાડવામાં આવ્યું.

[illegible] ૨/૨/૮૮
પોલીસ કમિશ્નર
રાજકોટ શહેર, રાજકોટ.

નકલ જયભારત સાથે :-
૧) ડીસ્ટ્રીક્ટ એન્ડ સેસન્સ જજશ્રી રાજકોટ.
૨) ડીસ્ટ્રીક્ટ મેજી.શ્રી, રાજકોટ.

જાવક નં. ૨૬૪
તારીખ ૨.૨.૮૮
પોલીસ ઈન્સ. કચેરી
[illegible]

..૨/-

૩) કમીશ્નરશ્રી, રાજકોટ મહાનગરપાલીકા, રાજકોટ.

૪) સહાયક માહિતી નિયામકશ્રી રાજકોટ સ્થાનિક વર્તમાનપત્ર માં જાહેર પ્રસિધ્ધી આપવા માટે.

૫) વિભાગીય નિયામકશ્રી, એસ.ટી. રાજકોટ.

૬) મેનેજરશ્રી, સરકારી પ્રેસ રાજકોટ ગેઝેટમાં પ્રસિધ્ધી આપી તેની નકલો અત્રે મોકલવા સારૂં.

૭) પોલીસ સુપ્રીટેન્ડન્ટશ્રી, રાજકોટ શહેર, રાજકોટ.

૮) સબ ડીવીઝનલ મેજી.શ્રી, રાજકોટ.

૯) એકઝીકયુટીવ મેજી.શ્રી, રાજકોટ શહેર.

૧૦) પોલીસ ઈન્સ.શ્રી ટ્રાફિકશાખા, રાજકોટ શહેર, રાજકોટ બહોળી પ્રસિધ્ધી સારૂં.

૧૧) પોલીસ ઈન્સ.શ્રી..........................રાજકોટ શહેર, રાજકોટ. બહોળી પ્રસિધ્ધી સારૂં.

'મકવાણા ૩૨/૮૮'

ક્રમાંક : રાજ/સીપી/એલ.બી–૨/ટ્રાફીક/જાહેરનામું/૩૧૨ /૦૮

પોલીસ કમિશ્નર કચેરી
રાજકોટ શહેર, રાજકોટ
તા. ૩૧/૧/૨૦૦૮

**વંચાણે લીધાઃ–(૧) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંકઃ રાજ/સીપી/એલ.બી–૨/ટ્રાફીક/ જાહેરનામું/૮૭/૦૮ તા. ૮/૧/૦૮**
**(૨) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંકઃ રાજ/સીપી/એલ.બી–૨/ટ્રાફીક/ જાહેરનામું/૧૨૪/૦૮ તા. ૧૫/૧/૦૮**

<u>જાહેર નામું :–</u>

રાજકોટ શહેરમા વધતા જતા ટ્રાફિકને કારણે જાહેરમાર્ગોમા ટ્રાફિકની ગીચતા થાય છે. શહેરમા વધી જતી ભારે વાહનોની અવર જવરથી શહેરના રસ્તાઓ સાંકળા પડે છે અને રસ્તાઓ ઉપર ટ્રાફિક અડચણરૂપ થાય છે. ઢેબર રોડ અને ગોડલ રોડ ઉપર ટ્રાફિક વધુ હોય જેથી ટ્રાફિક સમસ્યાને નિયંત્રણમા રાખવાના હેતુસર સવારના કલાક ૯:૦૦ થી રાત્રીના કલાક ૯:૦૦ સુધી નીચે જણાવેલ વિસ્તાર માટે તમામ ફોર વ્હિલર (ચાર ચક્રિય) વાહનો અને તેનાથી મોટા વાહનો માટે એક માર્ગીય જાહેર કરવાની જરૂરીયાત જણાય છે. જેથી નીચે મુજબના રસ્તાઓ એક માર્ગીય જાહેર કરવાની જરૂરીયાત છે.

(૧) ઢેબરચોક, આર.એમ.સી.ચોક, એસ.ટી/ભુતખાના ચોક, કાન્તા વિકાસ ગૃહ ચોક, નાગરીક બેન્ક ચોક સુધીના ઢેબર રોડ માટે વાહનો ઢેબર ચોકથી ફકત પ્રવેશી શકશે, અને નાગરીક બેન્ક ચોક થી ઢેબર ચોક સુધીના ઢેબર રોડ ઉપર પ્રવેશ બંધ રહેશે.

(૨) માલવિયા ચોક, લોધાવાડ ચોક, બોમ્બે હોટલ, લેલન્ડ ટી પોઈન્ટ, મકકમ ચોક સુધીના ગોંડલ રોડ માટે વાહનો મકકમ ચોક થી ફકત પ્રવેશી શકશે અને માલવિયા ચોક થી મકકમ ચોક સુધીના ગોંડલ રોડ ઉપર પ્રવેશ બંધ રહેશે.

ઉપરોકત બન્ને રોડ વચ્ચેની શેરીઓમાંથી આવતા વાહનો ઢેબર રોડ, ગોંડલ રોડ ઉપર આવ્યેથી વન વે મુજબ જઈ શકશે અને પ્રવેશબંધી કરેલ રોડ ઉપર જઈ શકશે નહી.

ઉપરોકત વન–વે માટેના હંગામી નિર્ણય ઉપર આવીને વંચાણે લીધેલ જાહેરનામાંથી દિન–૧૫ માં વાંધા સુચનો મંગાવેલ તે આવતા અભ્યાસ કરીને ઉપર મુજબનુ જાહેરનામું કાયમી કરવાની જરૂરીયાત જણાયેલ છે.

હુકમ:

હું સુધીર સિન્હા પોલીસ કમિશ્નર રાજકોટ શહેર,રાજકોટ. મને મુંબઈ પોલીસ અધિનીયમ ૧૯૫૧ની કલમ ૩૩(૧)(ખ) થી મળેલ સતાની રૂએ ઉપરોકત વિગતે જણાવેલ રસ્તાઓ કાયમી એક માર્ગીય કરવા આખરી નિર્ણય ઉપર આવેલ છું.

ઉપર જણાવેલ મુજબના વન વે સવારના કલાક ૯:૦૦ થી રાત્રીના કલાક ૯:૦૦ ના સમય માટે તમામ ચાર ચક્રિય વાહનો (ફોર વ્હિલર વાહનો) અને તેનાથી મોટા વાહનો માટે જાહેર કરૂ છું.

**અપવાદઃ**

આ જાહેરનામું ફરજ પરના પોલીસના વાહનો, એમ્બ્યુલન્સ તથા ફાયર બ્રીગેડના વાહનોને આકસ્મિક સંજોગોમાં લાગુ પડશે નહી.

૨/– પેસેન્જર બસ ને બીજો હુકમ ન થાય ત્યાં સુધી આ જાહેરનામામાંથી મુકિત આપવામાં આવે છે.

આજ રોજ તારીખ. ૩૧/૧/૨૦૦૮ ના રોજ મારી સહી સીકકા સાથે જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

( સુધીર સિન્હા )
પોલીસ કમિશ્નર

<u>નકલ સવિનય રવાના :-</u>

(૧) ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, રાજકોટ.

(૨) કલેકટરશ્રી , રાજકોટ શહેર

(૩) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર.

(૪) નાયબ પોલીસ કમિશ્નરશ્રી રાજકોટ શહેર

(૫) જયુડીશીયલ ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટશ્રી ટ્રાફિક કોર્ટ રાજકોટ

(૬) વિભાગીય નિયામકશ્રી એસ.ટી.,રાજકોટ

(૭) સંયુકત માહીતી નિયામકશ્રી રાજકોટ

૨/-સ્થાનીક વર્તમાન પત્રમાં સમાચાર તરીકે બહોળી પ્રસિધ્ધી અપાવવા માટે જરૂરી કાર્યવાહી કરવા વિનંતીછે.

(૮) વ્યવસ્થાપકશ્રી સરકારી છાપ કામ અને લેખન સામગ્રી, રાજકોટ.

૨. આ જાહેરનામું સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ કરવા સારૂ.

(૯) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી રાજકોટ.

(૧૦) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી રાજકોટ.

(૧૧) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી પશ્ચિમ/ પૂર્વ વિભાગ રાજકોટ શહેર.

(૧૨) એકઝી.મેજી.શ્રી રાજકોટ.

(૧૩) પોલીસ ઈન્સ.શ્રી <u>ટ્રાફિક શાખા</u> રાજકોટ શહેર.

(૧૪) રાજકોટ શહેર પોલીસ ના તમામ પો.ઈન્સ.શ્રી તથા તમામ ચોકી સબ ઈન્સ.તરફ જાણ તથા જરૂ કાર્યવાહી માટે.

(૧૫) ઈન્ચાર્જશ્રી કંટ્રોલ રૂમ.- (૧૫ નકલમાં) દરેક વર્તમાન પત્ર તરફ મોકલવા સારૂ.

પોલીસ ઈન્સપેકટર
ટ્રાફીક શાખા—રાજકોટ શહેર
જાવક નં ...૨૫૬૯...
તારીખ... ૩/૧૨/૧૫

ક્રમાંક:રાજ/સીપી/એલબી/૨/૧૪૦૭/૯૭
પોલીસ કમીશ્નરની કચેરી,
રાજકોટ શહેર, રાજકોટ.
તા.૦૬/૬/૯૭.

**જા હે ર ના મું :-**

રાજકોટ શહેરમા આવેલ ધીકાંટા રોડ કે જે સાંકડો હોય ત્યાં બંને તરફથી અવર જવર વાહનોની ચાલુ રહેતો ટ્રાફીક સરળતાથી અવર જવર થઈ શકે નહી જેથી આ રોડ કે જે લાખાજીરાજ રોડથી શરુ થાય છે તે ત્યાંથી પરાબજાર તરફ આવવા માટે ખુલ્લો રહે અને આજ રસ્તો પ્રેમિલા રોડના ચોક પાસેથી લાખાજીરાજ રોડ જવા માટે પ્રવેશ બંધ રહે અને વિકલ્પ રુપે વાહનો પ્રેમિલા રોડ થઈ લાખાજીરાજ રોડપર જઈ શકે તે મુજબ વનવે કરવાનો હિતાવહ જણાતા અત્રેના પત્ર ક્રમાંક:રાજ/સીપી/એલબી/૨/૮૦૬/૯૭ ના ૨૯/૩/૯૭થી જાહેર નોટીશ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે જે અન્વયે મળેલ વાંધા સુચનો લક્ષામાં લઈને કાળજી પુર્વક વિચારણા પછી નીચે મુજબ આખરી હુકમ રકરું છું.

સબબ હું ચિતરંજન સિંઘ, પોલીસ કમીશ્નર, રાજકોટ શહેર અમોને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૩(૧)(ખ) થી મળેલ સતાની રુએ ધી કાંટા રોડ પ્રેમીલા ચોકથી ધી કાંટા રોડ તરફ જવા માટે ત્રણ વ્હીલવાળા તથા ચાર વ્હીલવાળા વાહનો માટે સવારના કલાક ૮/૦૦ થી બપોરના કલાક ૧૩/૦૦ સુધી તેમજ બપોરના કલાક ૧૬/૩૦ થી ૨૦/૩૦ વાગ્યા સુધી પ્રવેશબંધી જાહેર કરું છું.

આ જાહેરનામાનો ભંગ કરનાર સાથે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૧૩૧ મુજબ પગલા લેવામાં આવશે.

આ જાહેરનામાનો અમલ તારીખ ૭/૭/૧૯૯૭થી કરવા આથી ઠરાવવામાં આવે છે.

આજરોજ તા. ૧૭/૬/૧૯૯૭ના રોજ અમારી સહી તથા સિક્કા નીચે જાહેર જનતાની જાણ માટે બહાર પાડેલ છે.

( ચિતરંજન સિંઘ )
પોલીસ કમીશ્નર,
રાજકોટ શહેર.

17/6.

નકલ જયભારત સાથ રવાના :-

૧: ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ.શ્રી, રાજકોટ જીલ્લા, રાજકોટ.
૨: જીલ્લા મેજી.શ્રી, રાજકોટ જીલ્લા, રાજકોટ.
૩: કમીશ્નરશ્રી, રાજકોટ મ્યુનિ. કોપો. રાજકોટ.
૪: સંયુકત માહીતી નિયામકશ્રી, રાજકોટ. ( પાંચ નકલ સાથે )
સ્થાનીક વર્તમાન પત્રમા સમાચાર તરીકે પ્રગટ કરાવવાની કાર્યવાહી સારુ.
૫: વિભાગીય નિયામકશ્રી, એસ.ટી. રાજકોટ.
૬: મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ.
આ જાહેરનામાની પ્રસિધ્ધી અસાધારણ ગેઝેટમા કરી અને ગેઝેટની નકલો અમારી કચેરીની લાયસન્સ શાખામા તાકીદે મોકલવા સારુ.
૭: સબ ડીવીઝનલ મેજી.શ્રી, રાજકોટ શહેર.
૮: એકઝી. મેજી.શ્રી, રાજકોટ શહેર.
૯: મદદનીશ પોલીસ કમીશ્નરશ્રી, " " " . પૂર્વ વિભાગ / પશ્ચિમ વિભાગ.રાજ.શહેર.
૧૦: તમામ પોલીસ ઈન્સ્પે.શ્રી, રાજકોટ શહેર.
આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી માટે વધારાની પાંચ નકલો સાથે.

ઈનવર્ડ નં. ૯૦૧
તારીખ ૧૮/૬/૯૭
પોલીસ ઈન્સ. કચેરી,
ટ્રાફીક શાખા-રાજકોટ સીટી

જાવક નં. ૧૧૧ /૨૦૧૨
ટ્રાફીક શાખા, રાજકોટ શહેર,
તા. ૨૩ / ૧ /૨૦૧૨

પ્રતિ,
પોલીસ કમિશ્નરશ્રી,
રાજકોટ શહેર
(લાયસન્સ શાખા)

વિષયઃ— હોસ્પીટલ ચોકથી સીવીલ હોસ્પીટલના ગેઈટ સુધી (ચૌધરી હાઈસ્કુલ ચોક તરફ) જતો રસ્તો એક માર્ગીય જાહેર કરવા બાબત.

જય ભારત સાથ રાજકોટ શહેર ટ્રાફીક શાખાના પો. ઈન્સ.નો વિનંતી રીપોર્ટ કે,

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનુ કે, રાજકોટ શહેરમાં આવેલ હોસ્પીટલ ચોક ટ્રાફીકની દષ્ટ્રીએ ઘણો જ મહત્વનો છે. અને આ ચોકમાં અમદાવાદ, જામનગર તથા રાજકોટ શહેરમાંથી જતા આવતા વાહનોની મુખત્વે અવર જવર રહે છે. તેમજ આ ચોકની બાજુમાં સીવીલ હોસ્પીટલ તથા કોર્ટો આવેલ હોય, પીક—અવર્સમાં તેન્રો પણ ઘણો જ ટ્રાફીક રહે છે. અને ટ્રાફીક આ ચોકનો ઘણી વખત સરળતાથી ચાલતો નથી.

હાલમાં અમદાવાદ તરફથી આવતો ટ્રાફીક હોસ્પીટલ ચોકમાં થઈ જયુબેલી ચોક તથા હોસ્પીટલ ચોકથી સીવીલ હોસ્પીટલ ચોક થઈ ચૌધરી હાઈસ્કુલ ચોક તરફ જાય છે. હોસ્પીટલ ચોકમાં અમદાવાદ તરફનો ટ્રાફીક સીવીલ હોસ્પીટલ થઈ ચૌધરી હાઈસ્કુલ તરફ જાય તે દરમ્યાન જયુબેલી ચોકથી આવતો અમદાવાદ ,જામનગર, કોર્ટ તરફ જતો ટ્રાફીક બ્લોક થઈ જાય છે. અને ટ્રાફીક વ્યવસ્થા જાળવવામાં ઘણી જ મુશ્કેલી સર્જાય છે. જે કારણસર અમદાવાદ તથા કોર્ટ તથા જામનગરથી આવતો ટ્રાફીક હોસ્પીટલ ચોકથી જયુબેલી ચોક તરફ થઈ શહેરમાં પ્રવેશે તે હિતાવહ છે. આ ટ્રાફીક પૈકી જેને સીવીલ હોસ્પીટલ અથવા ચૌધરી સ્કુલ તરફ જવુ હોય તે વચ્ચેના જયુબેલી ચોક તરફ જવાના રસ્તેથી તથા જયુબેલી ચોક જે હોસ્પીટલ ચોકથી ત્રણેક ફલાગ દુર આવેલ ત્યાંથી રાઈટ ટર્ન મારી જઈ શકે છે. જેથી અમદાવાદ, જામનગર તથા કોર્ટ તરફથી આવતા વાહનો સીધા જ જવાહર રોડ તરફ વળી જાય તો જયુબેલી ચોક તરફથી આવતા વાહનો સરળતાથી પસાર થઈ શકે. જેથી નિચે મુજબનો રસ્તો ટ્રાફીકની દષ્ટ્રીએ તમામ વાહનો માટે એક માર્ગીય

કરવા જરુરી હોય, જેથી આ અંગે પ્રાયોગીક ધોરણે એક માસ માટે એક માર્ગીય જાહેર કરવા જાહેરનામુ પ્રસિધ્ધ કરવા વિનંતી છે.

(૧) હોસ્પીટલ ચોકથી સીવીલ હોસ્પીટલ ગેઈટ સુધી (ચૌધરી હાઈસ્કુલ તરફનો) રસ્તો તમામ વાહનો માટે પ્રવેશ બંધ રહેશે.

ઉપરોક્ત રસ્તો એક માર્ગીય થવાથી વાહનો હોસ્પીટલ ચોક થી જવાહર રોડ જયુબેલી ગાર્ડન સામે થઈને ચૌધરી હાઈસ્કુલ તરફ જઈ શકશે.

ઉપર મુજબની વિગતેનુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા વિનંતી છે. જે આપ શ્રીને વિદીત થાય.

(જી. એન. ઝાલા)
પોલીસ ઈન્સ્પેકટર
ટ્રાફીક શાખા, રાજકોટ શહેર.

<u>નકલ રવાના જાણ સારુ:-</u>
પ્રતિ, નાયબ પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર, રાજકોટ.

પોલીસ કમિશ્નરની કચેરી,
રાજકોટશહેર. તા. ૨૦/૩/૧૯૮૨.

-: જા હે ર ના મું :-

રાજકોટશહેરમાં વધતા જતાં વાહન વ્યવહારથી થતા હરકતો દૂર કરવા તેમજ જાહેર પ્રજાની સલામતિ ખાતર શહેરના નીચે જણાવેલ રસ્તાઓ ભારે વાહનોની અવર જવર માટે બંધ કરવાનું તથા એક માર્ગીય કરવાનું અતિ હિતાવહ જણાય છે.

૧: ઢેબર ચોક તરફથી સાંગણવા ચોક થઈને ભુપેન્દ્ર રોડ પર રાજશ્રી સીનેમા તરફથી જતાં એસ. ટી. બસો સહિતના ભારે વાહનો ઢેબરચોકથી સાંગણવા ચોક તરફ જવાને બદલે સીધા મહાનગરપાલિકા કચેરી પાસે થઈને જુના પાવર હાઉસ અને કરણસિંહજી હાઈસ્કુલ ચોકથી ભુપેન્દ્ર રોડ ઉપર જશે.

૨: તેજ રીતે રાજશ્રી સીનેમાથી કવી નાનાલાલ માર્ગ ઉપર થઈ ઢેબર ચોક તરફ જતા એસ. ટી. બસો સહિતના ભારે વાહનો રાજશ્રી સીનેમા થઈ કરણસિંહજી હાઈસ્કુલ ચોકથી ડાબુ બાજુ વળાંક લઈને સાટા ગેસ્ટ હાઉસ રોડ ઉપરથી ડૉ. કેશુભાઈના દવાખાનાની પાસે આશાપુરા રોડ ઉપર જમણી બાજુ વળાંક લઈ, મહાનગરપાલિકા કચેરી પાસેના ચોકમાંથી જમણી બાજુ વળાંક લઈ ઢેબર ચોક તરફ જશે.

ઉપર પ્રમાણે ભારે વાહનો જવા આવવા માટેની વ્યવસ્થા કરવામાં આવે તો તેની સાથોસાથ કનક રોડ, કરણસિંહજી રોડ તથા આશાપુરા રોડને આ રસ્તાઓ સાંકડા હોઈને વાહન વ્યવહારમાં થતી અડચણ દૂર કરવા આ રસ્તાઓ નીચેની વિગતે એકમાર્ગીય કરવાનું પણ હિતાવહ જણાય છે.

કનક રોડ :- કરણસિંહજી હાઈસ્કુલના ચોકથી જુના પાવર હાઉસ થઈ આશાપુરા રોડને મળે છે તે ખુણા સુધી '' પ્રવેશ બંધ ''

કરણસિંહજી રોડ:- આશાપુરા રોડને મળે છે તે ખુણાથી કરણસિંહજી હાઈસ્કુલ ચોક સુધી ''પ્રવેશ બંધ ''

વિકલ્પે વાહનો આશાપુરા રોડ, કનક રોડ, થઈ કરણસિંહજી રોડ હાઈસ્કુલ તરફ જઈ શકશે. તેમજ આશાપુરા રોડ થઈ પ્રહલાદ રોડ પરથી ભુપેન્દ્ર રોડથી કરણસિંહજી હાઈસ્કુલ તરફ જઈ શકશે.

...

આશાપુરા રોડ :- આ રસ્તાનો પશ્ચિમ છેડો કનક રોડને મળે છે ત્યાંથી કરણસિંહજી રોડને મળતા આશાપુરા રોડના પૂર્વ છેડા સુધીનો રસ્તો '' પ્રવેશ બંધ '' વિકલ્પ વાહનો કનક રોડ થઇ જુના પાવર હાઉસથી કરણસિંહજી રોડ ઉપરથી આશાપુરા રોડ થઇ શકશે. તેમજ કનક રોડ થઇને કરણપરાની શેરીઓમાંથી અગર તો કિશોરસિંહજી રોડ પર થઇને જઇ શકશે.

ઉપરની વિગતે મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૩::૧::બી: અન્વયેનું જાહેરનામું બહાર પાડતા પહેલા જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટના નં.એમએજી-ટ્રાફીક-૩૪૨૮ તા. ૧૦-૮-૮૧ થી જાહેર નોટીસ [illegible] કરવામાં આવેલ અને નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ ત્રીસની [illegible] અગર સુચનો રજૂ કરવા જાણ કરવામાં આવેલ. પરંતુ આ જાહેર નોટીસના અનુસંધાને કોઇ વાંધાઓ કે સુચનો મુદત દરમ્યાન રજૂ થયેલ નથી.

ઉપરોકત સંજોગોમાં નીચેનો હકીકતે હુકમ કરવા યોગ્ય જણાતા હું એમ.એમ. મહેતા, આઇ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર મને મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૩::૧:: :બી: અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે મુજબનો હુકમ બહાર પાડુ છું.

એસ.ટી. બસો સહીતના તમામ પ્રકારના ભારે વાહનોને ઢેબર ચોક તરફથી સાંગણવાચોક થઇ રાજશ્રી સિનેમા તરફ જવા માટે મનાઇ ફરમાવવામાં આવે છે. ઢેબરચોકથી સાંગણવાચોક થઇ રાજશ્રી સિનેમા તરફ જવા માંગતા વાહનોને તે તરફ જવાને બદલે મહાનગરપાલિકા કચેરીના ચોક પાસે [illegible] કનક રોડ, જુના પાવર હાઉસ અને કરણસિંહજી હાઇસ્કૂલ ચોક થઇ, [illegible] રોડ પર જઇ શકશે.

એસ.ટી. સહિતના તમામ પ્રકારના ભારે વાહનોને રાજશ્રી સિનેમા તરફથી કવિ નાનાલાલ માર્ગ પર થઇ ઢેબર ચોક તરફ જવા માટે મનાઇ ફરમાવવામાં આવે છે. રાજશ્રી સિનેમા તરફથી ઢેબર ચોક તરફ જવા માંગતા વાહનો કરણસિંહજી હાઇસ્કૂલ ચોકથી ડાબી બાજુ વળાંક લઇ, સોટો ગેસ્ટ હાઉસ પાસે [illegible] ડૉ. [illegible] દવાખાના પાસે આશાપુરા રોડ ઉપર જમણી બાજુ વળાંક લઇ મહાનગરપાલિકા કચેરી પાસેના ચોકમાંથી જમણી બાજુ વળાંક લઇ ઢેબરચોક તરફ જશે.

એસ.ટી. બસો સહીતના તમામ પ્રકારના ભારે વાહનોની અવર જવર માટે ઉપર મુજબ વ્યવસ્થા જાહેર કરવામાં આવતા કનક રોડ, કરણસિંહજી રોડ તથા આશાપુરા રોડ પર વાહન વ્યવહારનું દબાણ વધશે. આ રસ્તાઓ પ્રમાણમાં સાંકડા હોવાથી વાહન વ્યવહારથી થતા અડચણ દૂર કરવા આ રસ્તાઓ નીચેની વિગતે દરેક પ્રકારના વાહનો માટે એક માર્ગીય જાહેર કરવામાં આવે છે.

કનક રોડ :- કરણસિંહજી હાઈસ્કુલથી જુના પાવર હાઉસ, કનક રોડ જ્યાં આશાપુરા રોડને મળે છે તે તરફ જવા માટે પ્રવેશબંધી. વિકલ્પે વાહનો કરણસિંહજી રોડ પર થઈને કનક રોડ પર અગર તો ઢેબરચોક તરફ જઈ શકશે.

કરણસિંહજી રોડ :- આ રસ્તાઓ આશાપુરા રોડને મળે છે તે ખુણાથી કરણસિંહજી હાઈસ્કુલ ચોક સુધી જવા માટે પ્રવેશ બંધી.

વિકલ્પે વાહનો આશાપુરા રોડ, કનક રોડ થઈ કરણસિંહજી હાઈસ્કુલ તરફ જઈ શકશે. તેમજ આશાપુરા રોડ થઈ પ્રહલાદ રોડ પરથી ભુપેન્દ્ર રોડ થઈ કરણસિંહજી હાઈસ્કુલ તરફ જઈ શકશે.

આશાપુરા રોડ:- આ રસ્તાનો પશ્ચિમ છેડો કનક રોડને મળે છે ત્યાંથી કરણસિંહજી રોડને મળતા આશાપુરા રોડના પૂર્વ છેડા સુધીનો રસ્તો પ્રવેશ બંધ.

વિકલ્પે વાહનો કનક રોડ, થઈ જુના પાવર હાઉસ થી કરણસિંહજી રોડ પરથી આશાપુરા રોડ તરફ જઈ શકશે. તેમજ કનક રોડ થઈને કરણપરાની શેરીઓમાંથી અગર તો કિશોરસિંહજી રોડ પર થઈને જઈ શકશે.

આ જાહેરનામાનો ભંગ કરનારની સામે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૧૩૧ માં બતાવ્યા મુજબ કામ ચલાવવામાં આવશે અને તેમાં બતાવ્યા મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો અમલ તા. ૧૫-૪-૧૯૮૨ થી કર[illegible] [illegible] ઠરાવવામાં આવે છે.

આજરોજ તા.૨૦/૩/૧૯૮૨ ના રોજ અમારા કચેરીના સિક્કા કરી જાહેર પાડવામાં આવ્યું.

( એમ.એમ. મહેતા )
પોલીસ કમિશ્નર,
રાજકોટશહેર, રાજકોટ.

નકલ જયવારને સાથ :-

૧: ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજશ્રી, રાજકોટ.
૨: જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટ જિલ્લા, રાજકોટ.
૩: સહાયક માહિતી નિયામકશ્રી, રાજકોટ
સ્થાનિક દૈનિક પત્રોમાં યોગ્ય પ્રસિધ્ધિ આપવા સારુ.

૪: કમિશ્નરશ્રી, રાજકોટ મહાનગરપાલિકા, રાજકોટ.

૫: વિભાગીય નિયામકશ્રી, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશન, રાજકોટ.

૬: પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી, રાજકોટશહેર.

૭: સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટ.

૮: એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટસીટી.

૯: મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ.
ગેઝેટમાં પ્રસિધ્ધિ આપી તેની નકલો આ કચેરીને મોકલવા સારુ.

૧૦: પોલીસ ઇન્સ્પેકટરશ્રી, એ ડીવીઝન, બી ડીવીઝન, પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશન,
રાજકોટશહેર.

પોલીસ ઇન્સ્પેકટરશ્રી, ટ્રાફીક બ્રાંચ....
બહોળી પ્રસિધ્ધિ તથા અમલ સારુ.

૧૧: ઇન્ચાર્જ ઓફીસર, વા.સે.ઓફ. કન્ટ્રોલરૂમ, રાજકોટશહેર.....
બહોળી પ્રસિધ્ધિ માટે.

છપ્રા.::::૨૦/૩

૫૫૫

ક્રમાંક/ટ્રાફીક/૩૪૦/૬/૨૫/૧૯૮૩.

પોલીસ કમીશ્નરની કચેરી,
રાજકોટ શહેર, રાજકોટ.
તારીખ:-૨૭-૧-૧૯૮૩.

**જા હે ર ના મું :-**

રાજકોટ શહેરમાં વાહન વ્યવહારની સરળતા તેમજ જાહેર જનતાની સલામતી ખાતર શહેરની સોની બજારનો રસ્તો નીચેની વિગતે એકમાર્ગી જાહેર કરવાનું તેમજ લોહાણાપરા વન-વે માં નીચે જણાવ્યા મુજબ ફેરફાર કરવાનું હીતાવહ જણાય છે.

નીચે જણાવવામાં આવેલ વિગતે, મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૩:૧:'બી' અન્વયે જાહેરનામું પ્રસિધ્ધ કરતા પહેલા આ કચેરીના ક્રમાંક:-ટ્રા/૩૪૦/૪/૧૯૬૭/તા. ૭-૭-'૮૨ અન્વયે જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી, નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ - ૩૦ માં વાંધા-સુચન રજુ કરવા જણાવવામાં આવેલ જેના અનુસંધાને રજુ થયેલ વાંધા-સૂચનો ધ્યાનમાં લેવામાં આવ્યા બાદ હું એસ.એમ. મહેતા, આઈ.પી.એસ., પોલીસ કમીશ્નર, રાજકોટ શહેર આથી મુંબઈ પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ ૩૩:૧:'બી' અન્વયે મળેલ સત્તાની રુએ નીચે પ્રમાણે હુકમ બહાર પાડું છું.

(૧) કોઠારીયા નાકા તરફથી સોની બજાર થઈ દરબારગઢ ચોક સુધી તમામ પ્રકારના વાહનોને જવા માટે રસ્તો ખુલ્લો રહેશે.

(૨) દરબારગઢ ચોક તરફથી સોની બજાર થઈ કોઠારીયા નાકા તરફ તમામ પ્રકારના વાહનો ને જવા પ્રતિબંધ.

વૈકલ્પિક વાહનો નીચેની વિગતે અવર જવર કરી શકશે :-

(અ) દરબારગઢ ચોક થઈ બાવાજીરાજ રોડ થી મહાવીરવાડ ચોક થઈ ગુંદાવાડી ... થી રામનાથપરા ગરબી ચોકથી કોઠારીયા નાકા તરફ જઈ શકશે.

(બ) બાવાજીરાજ કન્યાશાળા નં.-૪ ની પશ્ચિમે આવેલ રૈયાનાકા તરફ જતા રસ્તા પર થઈને કંસારાબજાર, ગુજરીબજાર થઈ કોઠારીયા નાકા તરફ જઈ શકશે.

(ક) રૈયાનાકા ટાવર થઈ નદીકાંઠા (ગઢની રાંગ) ના રસ્તે રસ્તે થઈને સીધી ખડપીઠ થઈ રામનાથપરા ગરબી ચોકથી કોઠારીયાનાકા જઈ શકશે.

(૩) નવાનાકા ચોક તરફથી સોની બજારને મળતો ઢાળવાળો રસ્તો, સોની બજાર તરફથી નવા નાકા તરફ દરેક વાહનોને જવા માટે ખુલ્લો રાખવો.

(૪) નવાનાકા ચોક કે જ્યાં કંસારા બજાર તથા ગુજરી બજારના છેડા મળે છે ત્યાંથી સોની બજાર તરફ દરેક પ્રકારના વાહનોને જવા માટે મનાઈ ફરમાવવામાં આવે છે.

ઉપર (૩) તથા (૪) માં જણાવ્યા પ્રમાણે વાહન વ્યવહારનું નિયમન થતા વિકલ્પે નવાનાકા થી સોની બજાર જવા આવતો વાહન વ્યવહાર ગુજરી બજાર થઈ કોઠારીયા નાકાથી સોની બજાર થઈ શકશે.

(૫) રૈયાનાકા ટાવર તરફથી ટાવરની અંદરના ચોકથી રસ્તા પર થી સોની બજાર જવા આવવા માટે ફક્ત બે તથા ત્રણ પૈંડાવાળા વાહનોને જ છુટ આપવામાં આવે છે. તે સિવાયના અન્ય વાહનોની તે રસ્તા ઉપરની અવરજવર પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

...૨/-

ક્રમાંક:રાજ/સીપી/ચેલ્મો-૨/ટ્રાફીક/જાહેરનામા/૧૯૯૯/૧૯૫

પોલીસ કમીશ્નર ની કચેરી
રાજકોટ શહેર, રાજકોટ
તા.૧૮-૧-૯૯

જાહેરનામા સુધારો :-

રાજકોટ શહેરના મધ્યભાગના રસ્તાઓની ટ્રાફીક સમસ્યાના નિવારણ માટે અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક:રાજ/સીપી/ચેલ્મો-૨/ટ્રાફીક/જાહેરનામુ ૧૯૯૮/૨૭૯૮ તા.૩૦-૧૨-૯૮ થી પ્રસિધ્ધ કરી શ્રી લાખાજીરાજ રોડ કે જે બાપુના બાવલા પાસેથી શરૂ કરી પ્રહલાદ સીનેમા સુધીના રસ્તા પર સવારના ક.૧૦-૦૦ થી ૧૨-૦૦ સુધી અને સાંજના ક.૬-૦૦ થી ૮-૦૦ સુધી ચારચક્રી (ફોર વ્હીલ) વાહનોની અવર જવર અને તેના પાર્કીંગ પર સંપુર્ણ પ્રતિબંધ ફરમાવવામાં આવેલ.

૨. - આ બાબતે અમલદારો અને નાગરીકો તરફથી મળેલ સુચનો તેમજ ટ્રાફીક પરિસ્થિતિ ધ્યાને લેતા બાદ સદરહુ જાહેરનામામાં છુટછાટો આપવા માટે નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

(ક) શ્રી લાખાજીરાજ રોડ કે જે સાંગણવા ચોકથી શરૂ કરી પ્રહલાદ સીનેમા સુધી સવારના ક.૧૦-૦૦ થી ૧૨-૦૦ અને સાંજના ક.૬-૦૦ થી ૮-૦૦ સુધી ચારચક્રી (ફોર વ્હીલર) વાહનોની અવર-જવર અને તેના પાર્કીંગ માટે સંપુર્ણ પ્રતિબંધ ફરમાવવામાં આવે છે. એટલે કે બાપુના બાવલાથી સાંગણવા ચોક સુધીના પ્રતિબંધ ઉઠાવી લેવામાં આવે છે.

(ખ) રવિવારના દિવસે લાખાજીરાજ રોડના કોઈપણ ભાગ ઉપર ચારચક્રી વાહનોના અવર જવર અને પાર્કીંગ ઉપર પ્રતિબંધ રહેશે નહીં.

૩. ઉપરોકત હુકમ હું સુધીર સિન્હા પોલીસ કમીશ્નર, રાજકોટ શહેર, રાજકોટ, મને મુંબઈ પોલીસ અધિનિયમ -૧૯૫૧ ની કલમ ૩૩(બી)(સી) થી મળેલ સતાની રૂએ આજ રોજ તા.૧૮-૧-૧૯૯૯ ના રોજ મારી સહી તથા સીક્કા સાથે જાહેરનામાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

(સુધીર સિન્હા)
પોલીસ કમીશ્નર

નકલ સવિનય રવાના:-

૧. ડીસ્ટ્રીકટ અને સેસન્સ જજશ્રી, રાજકોટ.
૨. જીલ્લા મેજી.શ્રી, રાજકોટ.
૩. કમીશ્નરશ્રી, મ્યુ.કોર્પો., રાજકોટ.
૪. ચીફ.જ્યુ.મેજી.શ્રી, ટ્રાફીક કોર્ટ, રાજકોટ.
૫. વિભાગીય નિયામકશ્રી, એસ.ટી.રાજકોટ.
૬. સંયુકત માહિતી નિયામકશ્રી, રાજકોટ.
 ૨/- સ્થાનિક વર્તમાન પત્રોમાં સમાચાર તરીકે મફતમાં પ્રસિધ્ધ થવા માટ જરૂરી કાર્યવાહી કરવા વિનંતી.
૭. વ્યવસ્થાપકશ્રી, સરકારી છાપકામ અને લેખન સામગ્રી, રાજકોટ.
 ૨/- આ જાહેરનામું સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ કરવા માટે.
૮. નાયબ પોલીસ કમીશ્નરશ્રી, રાજકોટ શહેર.
૯. જીલ્લા શિક્ષણાધીકારીશ્રી, રાજકોટ.
૧૦. સબ ડીવી.મેજી.શ્રી, રાજકોટ.
૧૧. એકઝી. મેજી.શ્રી, રાજકોટ.
૧૨. મદદનીશ પોલીસ કમી.શ્રી, પુર્વ/પશ્ચિમ રાજકોટશહેર.
૧૩. પોલીસ ઈન્સ.શ્રી, ટ્રાફીકશાખા, રાજકોટશહેર.
૧૪. રાજ.શહેરના તમામ પોલીસ ઈન્સ.શ્રી અને તમામ ચોકીના સબ ઈન્સ.શ્રી તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી માટે.
૧૫. કંટ્રોલરૂમ ૧૨ નકલમાં દરેક વર્તમાન તરફ નકલ મોકલવા સારૂં.

ઈનવર્ડ નં. ૧૨૮
નકલ ૧૯૧૧
ટ્રાફીક શાખા-રાજકોટ શહેર

પઢીયાર૧૯૧૯૯

પોલીસ કમિશ્નરની કચેરી,
રાજકોટ શહેર,રાજકોટ.
તા.૨૧/૯/૨૦૦૯

વંચાણેલીધાઃ– (૧) અત્રેના જાહેરનામા ક્રમાંક : રાજ/સીપી/એલબી–૨/ટ્રાફિક/જા.ના. /૨૬૬૮/૦૯ તા.૩/૮/૦૯
(૨) અત્રેના જાહેરનામા ક્રમાંક : રાજ/સીપી/એલબી–૨/ટ્રાફિક/જા.ના. /૨૮૬૯/૦૯ તા.૨/૯/૦૯

## જાહેરનામું :–

રાજકોટ શહેરમાં સતત વધી રહેલ વાહનોની સંખ્યા અને જનસંખ્યાના કારણે શહેરની મધ્યમા આવેલ રસ્તાઓમાં વાહનોની અવર જવર ખુબજ વધુ પ્રમાણમાં રહેવા પામે છે. જેની અસર સામાન્ય જનજીવન પર પડે છે. અને ટ્રાફિક સમસ્યા સર્જાય છે. જેથી ટ્રાફિક સમસ્યાના નિવારણ અંગે સુરક્ષિત ટ્રાફિક વ્યવસ્થા માટે જાહેરહિતમાં પરાબજાર, એમજી રોડ ઉપર દેના બેંક ચોક થી રૈયાનાકા ટાવર સુધી સવારે ક.૯/૦૦ થી બપોરે ક.૨/૦૦ સુધી તથા સાંજે ક.૪/૦૦ થી ક.૯/૦૦ સુધી તમામ થ્રી–વ્હીલર (રીક્ષા–છકડો રીક્ષા વિગેરે) વાહનોની અવર જવર માટે આમુખમાં દર્શાવેલ જાહેરનામાથી તા.૩૦/૯/૦૯ સુધીના સમય માટે પ્રાયોગીક ધોરણે પ્રતિબંધ ફરમાવી જાહેરજનતાના વાંધાસુચનો મંગાવવામા આવેલ

પ્રસ્તુત જાહેરનામા પરત્વે જાહેરજનતા/વેપારીઓ તરફથી આવેલ વાંધાસુચનોની સમીક્ષા કરી સમીક્ષાના અંતે કાળજી પુર્વક વિચારણા બાદ કાયમી ધોરણે નીચે મુજબ હુકમ કરવામા આવે છે.

હુકમઃ–

સબબ હું ગીથા જોહરી, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૩(૧) (ખ) મુજબ મને મળેલ સતાની રૂએ નીચેની વિગતે સવારના ક.૯/૦૦ થી બપોરે ક.૧/૩૦ તથા સાંજના ક.૪/૦૦ થી રાત્રીના ક.૯/૦૦ સુધી તમામ થ્રી–વ્હીલર (રીક્ષા–છકડો રીક્ષા વિગેરે) માટે કાયમી ધોરણે પ્રવેશ પ્રતિબંધ ફરમાવું છું. બપોરના ક.૧/૩૦ થી ૪/૦૦ સુધી પ્રવેશ મુક્તિ રહેશે.

(૧) એમ.જી. રોડ ઉપર (પરાબજાર) દેના બેંક ચોક થી ગોળપીઠ ચોક સુધી પ્રવેશ પ્રતિબંધ રહેશે.
(૨) મોચી બજાર તરફથી મટન માર્કેટ થઈ કૃષ્ણપરા શેરી નં.૧ તથા નવી દરજીબજારમાંથી ફક્ત માલવાહક છકડો રીક્ષા આવી શકશે. અને એમ.જી.રોડ ઉપર ફક્ત રૈયાનાકા તરફ જઈ શકશે. પરંતુ દેના બેંક ચોક તરફ જઈ શકશે નહી.
(૩) એમ.જી.રોડ ઉપર દેના બેંક ચોક થી ગોળપીઠ ચોક સુધી તમામ થ્રી–વ્હીલર વાહનો (છકડો રીક્ષા સહીત) માટે પ્રવેશ બંધ રહેશે. પરંતુ ઉપરોકત ક્રમ નં. (૧) અને (૨) મુજબ ફક્ત માલવાહ છકડો રીક્ષા રૈયાનાકા ટાવર તરફ જઈ શકશે.

**ઉપર મુજબના પ્રવેશ પ્રતિબંધ જાહેર કરતા વૈકલ્પીક વ્યવસ્થા નીચે મુજબ રહેશે.**

(૧) મોચીબજાર ચબુતરા ચોક થી ગોળપીઠ (ત્રીકોણ ચોક) તથા થી કાંટા ચોક (કંદોઈ બજાર) સુધીના રસ્તે તમામ થ્રી–વ્હીલર વાહનો આવક જાવક કરી શકશે.
(૨) મોચીબજાર ચબુતરા ચોક થી રૈયાનાકા ટાવર લુવાણાપરા કંસારાબજાર તથા બારદાન ગલી તરફ તમામ થ્રી–વ્હીલર વાહનો (છકડો રીક્ષા સહીત) જઈ શકશે.

૨/– હાલ અત્રેના જાહેરનામા ક્રમાંકઃ રાજ/સીપી/એલબી–૪/૧૦૮૫/૧૯૯૫ તા.૧૯/૧૦/૯૫ અન્વયે દાણાપીઠ થી એમ.જી.રોડ ઉપર આવવા માટેના આર્યપાન ડેપો સુધીના રસ્તા ઉપર પ્રવેશ બંધી છે. જેમાંથી કાયમી ધોરણે તમામ થ્રી–વ્હીલર્સ (છકડો રીક્ષા સહીત) વાહનો માટે પ્રવેશબંધીમાંથી મુક્તિ જાહેર કરવામા આવે છે.

આ હુકમના ભંગ બદલ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૧૩૧ મુજબ પગલા લેવામા આવશે.

(પાના નં.૨ ઉપર)

આજ રોજ તા.24/૯/૦૯ ના રોજ મારી સહી સીકકા સાથે જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

(ગીથા જોહરી)
પોલીસ કમિશ્નર
રાજકોટ શહેર

<u>નકલ જયભારત સાથ રવાના:-</u>

૧. ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજશ્રી, રાજકોટ.
૨. જીલ્લા મેજી.શ્રી, રાજકોટ.
૩. કમીશ્નરશ્રી, રાજકોટ મહાનગરપાલીકા, રાજકોટ.
૪. નાયબ પોલીસ કમીશ્નરશ્રી, રાજકોટ શહેર.
૫. મદદનીશ પોલીસ કમી.શ્રી, પુર્વ / પશ્ચિમ વિભાગ, રાજકોટ શહેર.
૬. વિભાગીય નિયામકશ્રી, એસ.ટી. રાજકોટ.
૭. જયુ.ફ.ક.મેજી.શ્રી, ટ્રાફીક કોર્ટ, રાજકોટ.
૮. સબ ડીવીઝનલ મેજી.શ્રી., રાજકોટ.
૯. કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, રાજકોટ.
૧૦. સંયુકત માહિતી નિયામકશ્રી, રાજકોટ ( ૧૦ નકલમાં )
  ર/- આ જાહેરનામાને બહોળી પ્રસિધ્ધિ અપાવવા સારુ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા માટે.
૧૧. વ્યવસ્થાપકશ્રી, સરકારી છાપકામ અને લેખન સામગ્રી વિભાગ, રાજકોટ.
  ર/- આ જાહેરનામું ગેઝેટમાં પ્રસિધ્ધ કરવા સારૂં.

<u>નકલ રવાના:-</u>

૧. પો.ઈન્સ.શ્રી,એ.ડીવી/બી.ડીવી./ભ.નગર/મા.નગર/રા.તાલુકા/પ્ર.નગર/ગાંધીગ્રામ/થોરાળા/કુવાડવા રોડ,.
૨. પો.ઈન્સ.શ્રી, ટ્રાફિકશાખા, રાજકોટ શહેર. ( ૧૦ નકલમાં )
૩. ઈન્ચાર્જશ્રી, પોલીસ કંટ્રોલ રૂમ, રાજકોટ શહેર. ( ૧૫ નકલમાં )
  ર/- વર્તમાન પત્રમાં મોકલવા સારૂં.

પોલીસ ઈન્સ્પેકટર
ટ્રાફીક શાખા - રાજકોટ સીટી
ઈન્વર્ડ નં 2345
તારીખ 30/9/09

ક્રમાંક :– રાજ/સીપી/એલ.બી.–૨/ટ્રાફિક/જાહેરનામું/૭૩૫૬/૨૦૦૨

પોલીસ કમિશ્નરની કચેરી,
રાજકોટ શહેર, રાજકોટ.
તા.૨૧/૧૧/૨૦૦૨.

જાહેરનામું :–

રાજકોટ શહેરમાં દિન પ્રતિદિન વસ્તી વધારો અને વાહનોની સંખ્યામાં વધારો થાય છે. તેની સામે શહેરની મધ્ય ભાગમાં રસ્તાઓ પહોળા થતા નથી. શહેરની મધ્ય ભાગના રસ્તાઓ કે જ્યાં વહેપારી સંકુલો, દુકાનો આવેલ હોવાથી તેમજ રહેણાંક વિસ્તાર હોવાથી વેપારી, ગ્રાહકો અને પ્રજાજનોની અવરજવર વધુ રહે છે. તે સંજોગોમાં શહેરની મધ્ય ભાગના કેટલાંક રસ્તાઓ ઉપર વાહનોની અવર–જવર થવાથી ટ્રાફિક સમસ્યા ઉપસ્થિત થવા પામે છે.

૨/– રાજકોટ શહેરમાં સુવ્યવસ્થીત ટ્રાફિક ચાલેતે હેતુસર કન્સલ્ટન્ટ એન્જીનીયરીંગ સર્વિસીઝના નિષ્ણાંતો મહાનગર પાલીકા, ટ્રાફિક સેલ તથા રાજકોટ શહેર ટ્રાફિક શાખાએ શહેરમાં સર્વે કરી ઉપરોક્ત ટ્રાફિક સમસ્યાને ધ્યાને લઈ શહેરમાં સુરક્ષીત અને સુવ્યવસ્થીત ટ્રાફિક ચાલે તે માટે સુચનો કરેલ છે. તે ધ્યાને લઈ નીચે જણાવેલ વિગતે નીચે જણાવેલ રસ્તાઓને ત્રણ ચક્રી તથા ચાર ચક્રી વાહનો માટે એક માર્ગીય (વન વે) કરવાની આવશ્યકતા જણાય છે. તેમજ નીચેની વિગતે એકી બેકી તારીખે પાર્કિંગ વ્યવસ્થા કરવાની આવશ્યકતા જણાયેલ છે.

૩/– આથી હું વી.વી.રબારી પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૩(૧)બી અને સી થી મને મળેલ સતાની રૂઈએ નીચે જણાવેલ રસ્તાઓને નીચેની વિગતે ત્રણ ચક્રી તથા ચાર ચક્રી વાહનો માટે એક માર્ગીય (વન વે) તથા એકી બેકી તારીખે પાર્કીંગ વ્યવસ્થા પ્રાયોગીક ધોરણે એક માસ માટે તા. ૧૬/૧૧/૦૨ થી કરવા હુકમ કરૂ છું. આ હુકમો ફક્ત સવારે ૯ થી બપોરના ૨ અને સાંજે ૪ થી રાત્રે ૯ સુધી ત્રણ ચક્રીય અને ચાર ચક્રીય વાહનો ઉપર પ્રતિબંધ લાગુ પડશે. દ્વિચક્રી વાહનો ઉપર કોઈ પ્રતિબંધ નથી.

## (A) ત્રણ ચક્રી અને ચાર ચક્રી વાહનો માટે એક માર્ગીય (વન વે) કરવાના રસ્તાઓની યાદી

(૧) **કરણસિંહજી રોડ :**

કરણસિંહજી રોડ, સેન્ટર પોઈન્ટ (ડો.કેશુભાઈના દવાખાના ચોકથી), કેનાલ રોડ તરફ જવા માટે રસ્તો પ્રવેશ બંધ રહેશે.

કેનાલ રોડ કાપડ મીલના દરવાજા સામેથી વાહનો પ્રવેશ કરી સેન્ટર પોઈન્ટ સુધી વાહનો જઈ શકશે.

(૨) **પ્રહલાદ રોડ :**

કેનાલ રોડ પર આવેલ " રાજ ટાઈલ્સ" નામની દુકાન તરફથી પ્રહલાદ રોડ તરફ જવા માટે પ્રવેશ બંધ રહેશે.

ભુપેન્દ્ર રોડ રાજેશ્રી સીનેમાથી વાહનો પ્રહલાદ રોડ પર પ્રવેશ કરી કેનાલ રોડ તરફ જઈ શકશે.

(૩) **દિગ્વીજય રોડ :**

ભુપેન્દ્ર રોડ પર આવેલ " શ્રીજી ઈમીટેશન જ્વેલર્સ" યોગી કોમ્પ્લેક્ષ થી દિગ્વીજય રોડ તરફ જવા માટે પ્રવેશ બંધ રહેશે.

કેનાલ રોડ પર " બી એમ પેઈન્ટ એન્ડ હાર્ડવેર" તરફથી વાહનો પ્રવેશ કરી દિગ્વીજય રોડ પરથી ભુપેન્દ્ર રોડ તરફ જઈ શકશે.

(૪) **કાન્તા સ્ત્રી વિકાસ ગૃહ રોડ :**

કેનાલ રોડ પર આવેલ " રાજ પેટ્રોલ પંપ" ની સામેની તરફ થી "કાન્તા સ્ત્રી વિકાસ ગૃહ" રોડ તરફ જવા માટે પ્રવેશ બંધ રહેશે.

કાન્તા સ્ત્રી વિકાસગૃહ ચોકથી વાહનો " ગુજરાત સમાચાર પ્રેસ" થઈ કેનાલ રોડ તરફ જઈ શકશે.

અત્રે ના જાહેરનામા ક્રમાંક :રાજ/સીપી/એલબી–૨/૧૩૦૨/૯૦ તા.૩/૩/૯૦ થી ઉપરની વિગતે કાન્તા સ્ત્રી વિકાસગૃહ રોડ દરેક વાહનો માટે એક માર્ગીય છે, તેના બદલે ફક્ત ત્રણ ચક્રી અને ચાર ચક્રી વાહનો માટે એક માર્ગીય રહેશે પરંતુ દ્વિચક્રી વાહનોને મુક્તિ આપવામાં આવે છે. જેથી દ્વિચક્રી વાહનો પસાર થઈ શકશે. તેમજ પ્રતિબંધ ફક્ત સવારે ૯ થી બપોરે ૨ અને સાંજે ૪ થી રાત્રે ૯ સુધી રહેશે. તે મુજબ અગાઉના જાહેરનામામાં ફેરફાર કરવામાં આવે છે.

(૫) <u>મીલપરા મેઈન રોડ :</u>

મીલપરા મેઈન રોડ જે ભક્તિનગર સબ સ્ટેશનથી કેનાલ રોડ તરફ આવવા માટે પ્રવેશ બંધ રહેશે.

કેનાલ રોડ તરફથી પ્રવેશી મીલ પરા રોડ પર પસાર થઈ ભક્તિનગર સબ સ્ટેશન તરફ જઈ શકાશે.

અત્રેના જાહેરનામાં ક્રમાંક :રાજ/સીપી/એલબી–૨/૧૩૦૨/૯૦ તા.૩/૯/૯૦ થી ઉપરની વિગતે મીલપરા મેઈન રોડ ઉપર દરેક વાહનો માટે એક માર્ગીય છે. તેના બદલે ફક્ત ત્રણ ચક્રી અને ચાર ચક્રી વાહનો માટે એક માર્ગીય રહેશે. દ્વિચક્રી વાહનો મીલપરા મેઈન રોડ પરથી પસાર થઈ શકશે. તેમજ પ્રતિબંધ ફક્ત સવારે ૯ થી બપોરે ૨ અને સાંજે ૪ થી રાત્રે ૯ સુધી રહેશે. તે મુજબ અગાઉ ના જાહેરનામાં મા ફેરફાર કરવાંમા આવે છે.

(૬) <u>લક્ષ્મીવાડી મેઈન રોડ :</u>

કેનાલ રોડ પર આવેલ " આશાપુરા હોટલ " તરફથી લક્ષ્મીવાડી મેઈન રોડ તરફ જવા માટે પ્રવેશ બંધ રહેશે.

"પુજારા પ્લોટ ચોક" થી લક્ષ્મીવાડી ક્વાર્ટર નં.૧૪૫ થી લક્ષ્મીવાડી મેઈન રોડ પર પ્રવેશ કરી કેનાલ રોડ તરફ જઈ શકાશે.

(૭) <u>ગુંદાવાડી મેઈન રોડ :</u>

ગોવિંદપરા શેરી નં.૩ થી ગુંદાવાડી મેઈન રોડ તરફ જવા માટે પ્રવેશ બંધ રહેશે.

કેનાલ રોડ પર આવેલ "આસોપાલવ ફુલની દુકાન" તરફથી પ્રવેશ કરી ગુંદાવાડી મેઈન રોડ પર પસાર થઈ ગોવિંદપરા શેરી નં.૩ તરફ જઈ શકાશે.

(૮) <u>કેવડાવાડી મેઈન રોડ :–</u>

કેનાલ રોડ પર આવેલ" રામજીભાઈ અનાનસ" વાળાની દુકાન તરફથી કેવડાવાડી મેઈન રોડ તરફ જવા માટે પ્રવેશ બંધ રહેશે.

સોરઠીયાવાડી ગાર્ડનના છેડાથી પવન પુત્ર ચોકથી પ્રવેશ કરી કેવડાવાડી મેઈન રોડ પર પસાર થઈ કેનાલ રોડ તરફ જઈ શકાશે.

**(B)** <u>એકી– બેકી પાર્કિંગ :–</u>

ઉપર દર્શાવેલ ૩(એ) ના સીરીયલ નં.૧થી ૬ અને સીરીયલ નં.૮ ના તમામ રસ્તાઓ એટલે કે કરણસિંહજીરોડ, પ્રહલાદ રોડ, દિગ્વીજય રોડ, કાન્તાસ્ત્રી વિકાસગૃહ રોડ, મીલપરા મેઈન રોડ, લક્ષ્મીવાડી મેઈન રોડ, કેવડાવાડી મેઈન રોડ,ઉત્તર–દક્ષિણ દિશાની છે. આથી આ રોડ પર એકી તારીખે (પૂર્વ) દીશા તરફ અને બેકી તારીખે (પશ્ચિમ) દિશા તરફ વાહનો પાર્કિંગ કરવાના રહેશે.

૪/– ફરજ પરના પોલીસ,એમ્બ્યુલન્સ,ફાયર બ્રીગેડના વાહનો અને પોલીસ કમિશ્નર શ્રી એ પાસ પરવાનગી આપેલ હોય તેવા વાહનોને આ જાહેરનામાની જોગવાઈમાંથી મુકિત આપવામાં આવશે અને તેના ઉપર આગળ જણાવેલ વિગતોનો કોઈ પણ પ્રતિબંધ લાગુ પડશે નહી.

૫/– આ હુકમના ભંગ બદલ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૧૩૧ અને આઈ.પી.સી કલમ ૧૮૮ મુજબ પગલા લેવામાં આવશે.

આજરોજ તા. ૨૫-૧૧-૨૦૦૬ ના દિવસે મારી સહી– સીકકા સાથે જાહેર જનતાની જાણ માંટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

COMMISSIONER OF POLICE L.B. RAJKOT CITY

(વી.વી.રબારી)
પોલીસ કમિશ્નર
રાજકોટ શહેર

નકલ સવિનય રવાના :–

(૧) ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, રાજકોટ.
(૨) કલેકટરશ્રી , રાજકોટ શહેર
(૩) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર.

ક્રમાંક : રાજ/ સીપી/ એલબી–૨/વન વે /મુકત/ જા.ના./ઓટોરીક્ષા/[illegible] / ૦૫

પોલીસ કમિશ્નર ની કચેરી
રાજકોટ શહેર, રાજકોટ.
તારીખ ૧૫/૦૯/૨૦૦૫.

વંચાણે લીધા :– (૧) અત્રેના ક્રમાંક : રાજ/સીપી/એલબી–૨/ટ્રાફિક/જાહેરનામુ/ ૪૩૫૬/ ૨૦૦૨/તા. ૨૫/૧૧/૨૦૦૨
(૨) કેવડાવાડી માર્કેટ વેપારી એસોશીએશન રાજકોટની રજુઆત.
(૩) પો.ઈન્સ.શ્રી ટ્રાફિકના જા.નં. ૭૭૩/૦૫ તા. ૧૦/૬/૦૫.

જાહેરનામુ :–

રાજકોટ શહેરની વસ્તી, વાહનોની વિગત, શહેરી વિસ્તારનાં રસ્તા, વાણીજય સંકુઈલ, દુકાનો, રહેણાંક, ગ્રાહકોની અવર જવર વિગેરે બાબતોને લક્ષ્યમાં રાખી અત્રેના વંચાણ–૧ વાળા જાહેર નામાથી લક્ષ્મીવાડી મેઈનરોડ, તથા કેવડાવાડી મેઈનરોડ પરથી થ્રી વ્હીલર ઓટોરીક્ષા ને પણ એક માર્ગીય રસ્તેથી જવાનુ જાહેરનામુ અમલમાં છે. તે અંગે જે તે વિસ્તારના વેપારી મહા મંડળ દવારા ગ્રાહકોને પડતી મુશ્કેલી બાબતે અજુઆત કરી થ્રી વ્હીલર ઓટોરીક્ષાને એક માર્ગીય રસ્તામાંથી મુકતી આપવા રજુઆત કરતા અને રજુઆત બાબતેની વિગત તપાસના અંતે વંચાણ–૧ ના જાહેર નામામાં આંશિક સુધારો કરવાનુ જરૂરી જણાય છે. આથી હું કે. નિત્યાનંદમ પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ મળેલ સતાની રૂઈએ ઓટો રીક્ષા (થ્રી વ્હીલર) ને કેવડાવાડી, લક્ષ્મીવાડી મેઈન રોડ પર જવા આવવા અંગે મુકિત આપવામાં આવે છે. અને વંચાણ–૧ ના જાહેરનામાના એ–(૬) તથા (૮) હેઠળનાં વિસ્તારમાંથી ઓટો રીક્ષાને એક માર્ગીય માંથી મુક્તિ રહેશે.

